# નેસ્ટ પ્લે હાઉસનાં પ્રાંગણમાં નવોદિત સ્વરોનો પ્રથમ ઉડાનનો સફળ પ્રયાસ



ભાવનગર તા.૧

સંગીતક્ષેત્રે પોતાની આગવી ઓળખ ઉભી કરનાર સંગીતજ્ઞ ડો.ગોપાબેન ચક્રવર્તિની શિષ્યાઓના જુદા જુદા ગૃપ પૈકી આ ગૃપના લીડર શ્રીમતી મેઘના ખારોડ અને ડો.નીપા ઠક્કરનાં વડપણ હેઠળ સુમધૂર ગીતોનો કાર્યક્રમ નેસ્ટ પ્લે હાઉસનાં પ્રાંગણમાં યોજાઇ ગયો.

નવોદિત અને તાલીમ મેળવતા ગાયકોનો સ્ટેજ ફીયર દૂર થાય તેવા નમ્ર પ્રયાસ રૂપ સુંદર આયોજન માતા સરસ્વતિ વંદનાના ''શારદા જય હંસ વાહિની''ની સમુહ સ્વરમાં થયેલ રજુઆતથી પ્રારંભાયેલ કાર્યક્રમનો ઉઘાડ એક જાણીતા ગુજરાતી ગીતથી કરવામાં આવ્યો. મન્નાડેજી દ્વારા ગવાયેલ ''પંખોઓએ કલશોર કર્યો''ની પોતાની લઢણમાં સુંદર રજુઆત કુ.દીપ્તિ દ્વારા કરવામાં આવી.

સમગ્ર કાર્યક્રમમાં વિવિધ પ્રકારના ગીતોથી એક નવો ઓપ અપાયેલ હતો, તેની પ્રતિતિ કુ.પુજા દ્વારા ગવાયેલ કર્ણાટકી ભાષાના ગીતથી થઈ. કુ.કાનન દ્વારા ગુજરાતી ગીત ''રાધાનું નામ તમે'' અને ડો.નીપા ઠક્કર દ્વારા ''હોરી'' ગીતની પ્રભાવશાળી રજુઆંત શ્રોતાઓનો રસ જાળવી રાખવામાં સફળ રહી.

''ઓ રે ઓ દરિયા દેવ ધીમા વહો'' ગીત કુ.શૈલી ત્રિવેદીના સ્વરમાં તથા મીરાબાઈની જાણીતી રચના હેતલબેન દ્વારા રજુ કરાંઈ ભાવનગરનાં સુપ્રસિધ્ધ કવિ ''રાહી ઓધારીયા''ની શબ્દ રચનાને સંગીતકાર મહંમદભાઈ દેખૈયાનાં સ્વરાંકનથી મઢયું ''ઝળહળ આભા ઝરતી'' ગીતનો સમુહ સ્વરમાં થયેલ રજુઆત સૂર અને શબ્દને ન્યાય આપવામાં ઉચીત રહી.

''દયાના સાગર થઈને'' ગુજરાતી ગીત કુ. નીયતી દ્વારા તથા ઉત્તરપ્રદેશનાં લોક સંગીતે પઢી કજરીની રચના રાધીકાનાં સ્વરમાં અને બંગાળીભાષામાં વસંત રાગ ઉપર આધારીત ગતની સુંદર રજુઆત કલ્પનાબેને કરીને વિવિધ ગીત પસંદગીની સુઝ બદલ આયોજક ગૃપ લીડરને દાદ દેવી રહીં ''માડી તારૂ કેકુ ખર્યુ'' જેવા એવર ગ્રીન ગીતની તાજગી સભર પેશગી મીતાલીએ કરી, જ્યારે ગુજરાતી ગઝલ ''ભરે વસંતે ભેટવ રણ''ની પ્રસ્તુતી પરિપકવ ગાયકીનં અહેસાસ મેઘના ખારોડના સ્વરમાં પ્રતિત કરાવી ગયો.

કાર્યક્રમને અંતે બ્રહ્માનંદજીની જાણીત રચના ક્રિષ્નાબેને અને ફિલ્મ કુદરતનાં ''હમે તુમસે પ્યાર કીતના'' જેવા કંઈક અઘરા ગીતની રજુઆત કરવાની હીંમત કુ.રૂચાએ કરી પોતાની કાબેલીયતનો પરીચય કરાવ્યો. સમગ્ર કાર્યક્રમનું રસદર્શન સહદેવ ઠક્કર દ્વારાતથા સુમધુર વાદ્ય સંગત નીરવ પંડ્યા (કી-બોર્ડ), જલય પાઠક (રીધમ) અને શરદ પરમાર (સાઈડ રીધમ) સૂપેરે પાર પાડવામાં સફળ રહ્યા. રસીક શ્રોતાઓની ઉપસ્થિતિ અને કલાગુરૂ શ્રી ધરમશીભાઈ શાહના આશિર્વચન ''પરવીન સુલ્તાના ગૃપ''ને આ પ્રયાસને પુનઃ પ્રયત્ન કરવા માટે પ્રેરણા દાઈ રહ્યા



કથ્થક નૃત્ય કળામાં નૃત્ય અલંકારની પદવી પ્રાપ્ત કરનાર ભાવનગરની ડો. નીપા ઠક્કરે નૃત્ય કળા ક્ષેત્રે આગવી સિધ્ધિ હાંસલ કરી કલા નગરી ભાવનગરના કલા વૈભવને ઉજાગર કર્યો છે.